## જન્મદિને વધામણી



રજનીકાંત વૈષ્ણવ
મો.૯૮૨૫૬૧૬૩૩૬



જશન ઉર્પલકુમાર જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪



આરતીબેન દિપકકુમાર નાયી
મો. ૯૯૧૩૮ ૮૨૭૦૭



ત્વિસા ભરતભાઈ પરમાર
મંથન ભરતભાઈ પરમાર
મો. ૮૪૮૮૦ ૦૨૩૦૦

# એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં વાલી ચિંતન શિબિરનું આયોજન



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ ખાતે તાજેતરમાં ધોરણ-૧, ૨ના વિદ્યાર્થીઓના વિકાસ અર્થે વાલી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોની કુદરતી કલા ખીલે તથા સુષુપ્ત શક્તિઓનો વિકાસ તે હેતુસર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેનારાં વિદ્યાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. આચાર્ય નીરૂબેન પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વાલીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ૩૧મી ડિસેમ્બરે ડૉ. જય ઓઝાનાં પાંચ પુસ્તકોનું એકસાથે વિમોચન




ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સમાચાર દૈનિકમાં એક દાયકાથી લખાતી અને પોંખાતી કૉલમ 'વિચારયાત્રા'ના યુવાસર્જક ડૉ. જય ઓઝાનાં પાંચ પુસ્તકોનુ વિમોચન આગામી તા. ૩૧ ડિસેમ્બરના રોજ થઈ રહ્યું છે. અંતરયાત્રા, ચિંતનયાત્રા, સંબંધયાત્રા, વિકાસયાત્રા અને જીવનયાત્રા નામક આ પુસ્તકોનું પ્રકાશન ગુર્જર પ્રકાશન દ્વારા કરવામાં આવ્યું છે. ૩૧મી ડિસેમ્બરના રોજ સાંજે ૪ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, સૅક્ટર-૧૭, ગાંધીનગર ખાતે આયોજિત આ પુસ્તકોનાં વિમોચન સમારોહમાં સમદર્શન આશ્રમનાં પૂ. ગુરુમા સમાનંદજીની પાવન ઉપસ્થિતિ રહેશે. મુખ્ય અતિથિ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને સાહિત્યકાર, પત્રકાર રોહિત શાહ ઉપસ્થિત રહેશે. સૌ સાહિત્યરસિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા લેખક તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ડાયરેક્ટ ❤ સે

અવિશ્વાસનો પવન
ફૂંકાતો હોય
ત્યારે
વિશ્વાસનું વહાણ
ન ચલાવવું જોઈએ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બેફિકરે
૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
૩૦ મિનટ્સ
૧૨.૦૦, ૫.૦૦
ડિયર જિંદગી
૨.૧૫, ૯.૩૦
મિશન મમ્મી
૭.૧૫

**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
કહાની-૨
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ડિયર જિંદગી
૬.૪૫

# આઈઆઈટીઈ : કૅશલેસ ટ્રાન્ઝેક્શન અપનાવનાર રાજ્યની પ્રથમ યુનિવર્સિટી

ગાંધીનગર, તા. ૧૪

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગરના ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડૉ.રવિરાજ રાજપુરાએ એક પ્રેસ નિવેદનમાં જણાવ્યું છે કે, મંગળવારે ટીચર્સ યુનિવર્સિટી(આઈ.આઈ.ટી.ઈ.)નો "Cashless University-One step ahead to clean India" કાર્યક્રમ યુનિવર્સિટીના કેમ્પસ ઉપર ગુજરાતના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ઉદ્‌ઘાટિત કરવામાં આવ્યો. આમ સંપૂર્ણતઃ કેશલેશ ટ્રાન્ઝેકશન કરતી યુનિવર્સિટી તરીકે ગાંધીનગરની ટીચર્સ યુનિવર્સિટી ગુજરાતમાં સૌ પ્રથમ યુનિવર્સિટી બની છે.






યુનિવર્સિટીની કેશલેશ પ્રક્રિયા અંગે જણાવતા યુનિવર્સિટીના ડીન અને પ્રિન્સીપાલ ડૉ.કલ્પેશ પાઠકે કેશલેશ નો અર્થ અને સપૂર્ણ પ્રક્રિયા વિસ્તારથી સમજાવી હતી.

આ અવસરે બોલતા શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે,ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર રાજ્યની પહેલી યુનિવર્સિટીમાં આ કામની શરૂઆત કરી એ વાતનો મને આનંદ છે.

જો આટલી નાની યુનિવર્સિટીએ આ કામની શરૂઆત કરી તો બીજી મોટી યુનિવર્સિટીએ પણ કેશલેશ ટ્રાન્ઝેકશન શરૂ કરવું જોઈએ. આ અવસરે વિદ્યાર્થીઓને સંબોધતાં ટીચર્સ યુનિવર્સિટીના કુલપતિ શશીરંજન યાદવે કહ્યું કે આ એક સોનેરી તક છે.જ્યારે કે દેશભક્તિના આ યજ્ઞમાં દરેક વ્યક્તિ કઈકને કઈક યોગદાન આપી શકે છે.

આ કાર્યક્રમનું સંચાલન આર્ટસ વિભાગના વડા ડૉ. વિપુલ ઠાકરશ્રીએ કર્યું હતું. આ અવસરે યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રીએ આભાર વિધિ કરી હતી. સમગ્ર કાર્યકર્મમાં નાયબ કુલસચિવશ્રી મઘુસુદન મકવાણા અને શ્રી વિમલ શાહ અને યુનિવર્સિટી ડેવલોપમેન્ટ ઓફિસર શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, ડાયરેક્ટર ફીજીકલ એજ્યુકેશન શ્રી મુકેશ પટેલ ઉપરાંત આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર તેમજ વિભાગોના અઘ્યાપકો અને વડાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત યુનિવર્સિટીના

# વિદ્યાર્થીઓના ડૉક્યુમેન્ટ ડીજી લૉકરમાં સચવાશે

## વિદ્યાર્થીઓ કોઈ પણ સ્થળે, કોઈ પણ સમયે પોતાના ડોક્યુમેન્ટ જોઈ શકશે અને ઓનલાઈન મોકલી પણ શકશે

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની માર્કશીટ, સર્ટિફીકેટ તથા અન્ય મહત્વના ડોક્યુમેન્ટ હવે 'ક્લાઉડ'માં સેવ રહેશે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓની ડોક્યુમેન્ટને સાચવવા માટે 'ડીજી લોકર'ની મદદ લેવામાં આવશે. ભારત સરકારના ડીઝીટલ લોકર કન્સેપ્ટ અંતર્ગત વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ સાચવવા માટે યુનિવર્સિટી દ્વારા એક કંપની સાથે ટાઈઅપ પણ કર્યુ હોવાનું જાણવા મળે છે. વિદ્યાર્થીઓ ડીજી લોકરમાં મુકેલા તેમના ડોક્યુમેન્ટ જોઈ પણ શકશે અને તેની ખરાઈ પણ થઈ શકશે. આ ડોક્યુમેન્ટ યુનિવર્સિટી દ્વારા ડીજી લોકરમાં મુકવામાં આવશે, જેથી તેમાં ફેરફારની સત્તા પણ યુનિવર્સિટી પાસે જ રહેશે. પરંતુ વિદ્યાર્થી આ ડોક્યુમેન્ટ જોઈ શકશે અને અન્યને મોકલી પણ શકશે. ઉપરાંત નોકરી તથા અન્ય જગ્યાએ ડોક્યુમેન્ટની ખરાઈ પણ ઓનલાઈન જ થઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ભારત સરકાર દ્વારા ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત ડીઝીટલ લોકર કન્સેપ્ટ અમલમાં મુક્યો હતો. આ કન્સેપ્ટ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીએ પોતાના વિદ્યાર્થીઓ માટે ડીજી લોકર સિસ્ટમ અમલમાં મુકી છે. જેમાં વિદ્યાર્થીઓની માર્કશીટ, ડિગ્રી સર્ટીફીકેટ વગેરે મહત્વના શૈક્ષણિક દસ્તાવેજોને ઓનલાઈન સ્ટોર કરવામાં આવશે. આ દસ્તાવેજો ઓથેન્ટીક અને સુરક્ષિત રહે તે માટે આધાર કાર્ડ સાથે તેને જોડવામાં આવશે. વિદ્યાર્થીઓ ગમે ત્યાંથી ડીજી લોકરને ખોલીને જોઈ શકે તેવી વ્યવસ્થા પણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે.

વિદ્યાર્થીઓ કોઈ પણ સ્થળે, કોઈ પણ સમયે ડીજી લોકર ખોલીને પોતાના ડોક્યુમેન્ટ જોઈ શકશે અને તેને અન્ય સ્થળે ઓનલાઈન મોકલી પણ શકશે.

ડીજી લોકરના અમલના પગલે વિદ્યાર્થીઓને ફાયદો થશે, સાથો સાથ વહીવટી સરળતા પણ રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થી નોકરી માટે જાય ત્યારે ત્યાં પણ ડીજી લોકરની મદદથી ડોક્યુમેન્ટ મોકલી શકશે અને તે ડોક્યુમેન્ટની ખરાઈ પણ કંપની ઓનલાઈન જ કરી શકશે. જેથી વિદ્યાર્થીઓને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે લાંબા થવામાંથી મુક્તિ મળશે અને વહીવટી સરળતા પણ રહેશે.

વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટની કસ્ટડી ગુજરાત યુનિવર્સિટી પાસે જ રહેશે. ઉપરાંત માત્ર ગુજરાત યુનિવર્સિટી પાસે જ ડોક્યુમેન્ટમાં સુધારા વધારા કરવાની સત્તા રહેશે.

# ગુજરાત યુનિવર્સિટીમાં ટીચિંગ સ્ટાફની ૫૦ ટકા જગ્યાઓ ભરાઈ હોવાના સમાચાર

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા પાંચ દિવસથી ટીચિંગ સ્ટાફ માટેના ઈન્ટરવ્યૂ યોજવામાં આવ્યા હતા. જેમાં ૫૦ ટકા જગ્યાઓ જ ભરાઈ હોવાનું જાણવા મળે છે. અનામતને પગલે અમુક જગ્યા માટેના ઉમેવદારો મળ્યા ન હતા. જેના પગલે ૫૦ ટકા જેટલી જ જગ્યાઓ ભરાઈ શકી હતી. જો કે આ જગ્યાઓ ભરાયા બાદ ટીચિંગ સ્ટાફની સંખ્યામાં વધારો થતાં શિક્ષણનું સ્તર સુધરશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીમાં ટીચિંગ સ્ટાફની ભરતી માટે ઈન્ટરવ્યૂ રાખવામાં આવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના વિવિધ ૨૪ જેટલા વિભાગોની ૨૮ જેટલી જગ્યાઓ ભરવા માટે પાંચ દિવસ સુધી ઈન્ટરવ્યૂનું આયોજન કરાયું હતું. ૯ ડિસેમ્બરથી શરૂ થયેલા ઈન્ટરવ્યૂ ૧૨ ડિસેમ્બર સુધી ચાલ્યા હતા. જેમાં ૨૮ પૈકી ૧૪ જેટલા અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૨૮ જગ્યાઓ પૈકી ૧૪ જગ્યાઓ પર અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે બાકીની જગ્યાઓ અનામત સહિતની હોવાના લીધે તેની પર કોઈ ઉમેદવાર નહીં મળવાના લીધે આ જગ્યાઓ ખાલી રહેવા પામી છે. આમ, પાંચ દિવસના ઈન્ટરવ્યૂ બાદ ૫૦ ટકા જેટલી ટીચિંગ સ્ટાફની જગ્યાઓ ભરવામાં યુનિવર્સિટીને સફળતા મળી હતી. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. એમ.એન.પટેલે જણાવ્યું હતું કે, પાંચ દિવસના ઈન્ટરવ્યૂ બાદ ૨૮ જગ્યાઓ પૈકી ૧૪ જગ્યાઓ પર નિમણૂક આપવામાં આવી છે.

# લાંબી બૅન્ક-લાઈનના લાંબા ગાળાના લાભ

બૅન્કની લાઈનો લાંબા સમય માટે રહેવાની છે, એવું હવે આટલા ટૂંકા સમયના અનુભવે લાગે છે. પણ તેનાથી દુખી થવા જેવું નથી. જેમ 'દધિ ઓથે ધૃત જ રે' એમ ધીરા ભગત કહી ગયા છે, તેમ લાંબી લાઈનો પાછળ ઘણાં લાભ છુપાઈ રહ્યા છે. આ રહ્યું એ લાભનું લિસ્ટ.

● જેમની પાસે સમ ખાવા જેટલા જ નાણાં છે, અગર તો જેઓ સાવ કૅશલેસ છે તેઓને કૅશલેસ લેવડદેવડ કેવી રીતે કરવી તેનું કોચિંગ વગર ફીએ મળી રહ્યું છે. જોકે આવું કોચિંગ આપનારાઓ કૅશલેસ લેવડદેવડની પ્રૅક્ટિસ કરવા લોકોને થોડી રકમ પણ તેઓના બૅન્ક ખાતામાં જમા કરવા માટે આપે તો વધુ સારું. આમેય હવે સામાન્ય પ્રજાએ નોટબંધી પછી બૅન્કની લાઈનમાં ઊભા રહીને પોતાનો સમય ગુમાવવા સિવાય બીજું કશું જ ગુમાવવાનું રહ્યું નથી.

● બૅન્કની લાઈનમાં મોખરાનું સ્થાન મેળવવા માટે લોકોએ રોજ વહેલા ઊઠવું પડે છે. લોકોને તેમની અનિચ્છા હોવા છતાં એક સારી આરોગ્યપ્રદ આદત પડી રહી છે. નોટબંધી પાછળ સરકારનો કદાચ આવો કોઈ ઉમદા ઉદ્દેશ્ય હોય તો કહેવાય નહિ ! આ ટેવ કરોડોના ખર્ચે યોગના વર્ગો ચલાવવાથી નહોતી પડતી. હવે યોગના વર્ગો બંધ કરી શકાશે અને તેનાથી સરકારી ખર્ચમાં સારી બચત થશે.

● દરેક ઘરમાં પરિવારના વરિષ્ઠ સભ્યોનું સન્માન વધી ગયું છે. કારણ કે લાઈનમાં લાંબે સમય ઊભા રહેવા ઘરનો કામ વગરનો સભ્ય જ કામનો. વૃધ્ધો લાંબો સમય ઊભા રહે છે, તે પૈકી અમુક નસીબદાર વૃધ્ધોને આ આકરા તપના ફળસ્વરૂપે મોક્ષગતિ પણ પ્રાપ્ત થઈ છે. તેથી આવા વૃદ્ધો જ્યારે લાઈનમાં ઊભા રહેવા માટે ઘરેથી નીકળે છે. ત્યારે ઘરના સભ્યો તેમને અશ્રુભીની આંખે જાણે છેલ્લીવાર જોતા હોય તેમ ભાવભીની વિદાય આપે છે. વડીલો પ્રત્યેની આવી વધેલી આદર ભાવના અને સ્નેહજોતાં ભારતીય સંસ્કૃતિનો વિશ્વભરમાં પુનઃ અભ્યુદય થશે.

● દેશમાં અસહિષ્ણુતા-અનુદારતા (ઈન્ટોલરન્સ) ખૂબ વધી ગયા છે, તેવા કેટલાક અલ્પ લોકોના બૂમબરાડા હવે બંધ થઈ જશે અને અસહિષ્ણુતાના મુદ્દે રેલી કે સભાઓ યોજનારાઓ નવરા થઈ જશે. કેમ કે હવે શ્રીમંતો નિર્ધનોના ઘરે રાતવરત આંટાફેરા કરતા થઈ ગયા છે. આમ ગરીબો અને અમીરો વચ્ચે હવે દિવાલો નહીં પણ નોટોની થોકડીઓ જ રહી છે. લાઈનમાં ઊભા રહેતા વિવિધ ધર્મના નાગરિકો વચ્ચે પણ વિચારોની એકતા વધતી જાય છે.

● હાલના મંદીના માહોલમાં બૅન્કોની લાઈનમાં ઊભેલા લોકોને સમય પસાર કરવા અખબાર, સામયિક, ચા, શીંગ-દાળિયા જેવી વસ્તુઓ બહુ કામ લાગે તેમ છે. આવી ચીજવસ્તુઓનું વેચાણ કરવા માટે બૅન્કોની લાઈનો આવી ચીજવસ્તુઓના ફેરિયાઓ માટે ઘણું મોટું બજાર પૂરવાર થાય તેમ છે. તેથી શાકભાજીથી માંડીને પાન-મસાલા અને ચોકલેટ-બિસ્કીટથી માંડીને શેકેલા ચણા-ખારી શિંગના ફેરિયાઓ, લારીવાળાઓ માટે ધંધાની સારી તક ઊભી થઈ છે. રેલવેની જેમ ફેરિયાઓને ટ્રેનોમાં વેચવાનું લાયસન્સ આપે છે તેમ બૅન્કો આવા ફેરિયાઓને લાયસન્સ આપશે તો આવા ફેરિયાઓ કાયદેસર રીતે આખી લાઈનમાં દરેક સ્થળ ઉપર જ જોઈતી વસ્તુ વેચી શકશે. આવું થોડુંક પેટમાં જશે તો ભૂખ્યા જનોનો જઠરાગ્નિ થોડો શાંત પડશે ને બૅન્ક મધ્યે કુરુક્ષેત્ર ઊભું થવાના પ્રસંગો ઘટશે. વળી, આના પરિણામે આખા દેશમાં રોજગારીમાં વધારો થવાથી જીડીપીનો ગ્રાફ ઊંચો આવી જશે.

● લાંબા ગાળે બૅન્કોનું લોન આપવાનું કામ ઘણું જ ઓછું થઈ જવા પામશે. (કારણ કે લોન લેનારાઓ પાસે લોન મંજૂર કરાવવા ઉપરની રકમ આપવાનાં નાણાં જ નહીં હોય) બચત ખાતાઓ અને એફડીનું કામ તો નાણાંની અછતને કારણે અને કૅશલેસ યોજનાને લીધે લગભગ બંધ જેવું જ રહેશે. તેથી બૅન્કોએ નવી કામગીરી ઉમેરવાની ફરજ પડશે. સંભવતઃ બૅન્કમાંથી પોસ્ટ ઑફિસની માફક કરિયાણા-મસાલા જેવી ઘર વપરાશની ચીજવસ્તુઓ વેચાતી મળશે. બૅન્કો લગ્ન માટેની લોન સાથે લગ્ન પછી એક માસની ખાધાખોરાકી જેટલું કરિયાણું ફીમાં આપવાનાં પૅકેજ પણ જાહેર કરી શકે છે.

● તમે લાઈનમાં ઊભા હો અને તમારા પર કોઈને ફોન આવે, ત્યારે ફોન કરનાર તમને પૂછે કે ક્યાં છો ? તો તમે વટથી કહી શકશો કે 'હું કતારમાં છું.' સામેવાળો એમ સમજશે કે ભાઈ તો ખાડીના દેશ કતારમાં ગયા છે, તમારી વૅલ્યુ વધી જશે..

● લોકો લાઈનમાં પણ આનંદથી બેસી શકે તેવી વ્યવસ્થા પણ થશે. બૅન્કો લાઈનમાં ઊભા રહેલા દરેકને ટોકન આપશે તો લોકો લાઈનમાં ઊભા રહેવાને બદલે બૅન્કનું ટોકન ડિસ્પ્લે બૉર્ડ દેખાય તેવી રીતે નિરાંતે બૅન્કની સામે છૂટાછવાયા જૂથમાં બેસશે. આવી રીતે બેઠાં બેઠાં ઘણાં કામો થઈ શકશે. જેમકે મહિલાઓ થેલીમાં શાકભાજી લાવી બૅન્કની લાઈનમાં વીણવાનું કે ભરતગૂંથણનું કામ કરી શકશે. મોટા જૂથમાં લોકો 'નોટબંધી'ના થીમ ઉપર ડાયરાનું અગર તો કાવ્યપઠન અને જોક્સ સંભળાવવાનું પણ આયોજન કરી શકશે. અત્યારે પણ લાઈનોમાં નોટબંધી ઉપર એટલી બધી જોક્સ આવે છે કે એ સાંભળીને તો ત્યાં હાસ્ય દરબાર જામ્યો હોય એવું લાગે છે.

● લાંબી લાઈનોમાં ઊભા રહેવાનું ટાળવા લોકો ટૂંકામાં પ્રસંગો પતાવતા હોવાથી લોકોને કરકસરની ટેવ પડી પહી છે. હવે તો 'ચાય પે લગ્ન'નો જમાનો શરૂ થયો છે. એમ જ મહાત્મા મંદિરમાં ચાય પે કોન્ફરન્સ, ચાય પે વાઈબ્રન્ટ સમિટ, ચાય પે પતંગોત્સવ પણ શરૂ થાય તો સરકારી ખર્ચમાં ઘણી બચત થશે.

અને સૌથી અગત્યનું, લોકોની સહનશક્તિમાં વધારો થશે અને આગામી ચૂંટણી સુધીમાં જો લોકોની સ્મરણશક્તિ જળવાઈ રહેશે તો લોકો વધુ સમજદારીપૂર્વક મતદાન કરશે.

- 'હંસ' ગાંધીનગરી

